ગરમીનો કહેર યથાવત, તાપમાન ૪૪ ડીગ્રી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળતા શહેજનો માટે ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. વળતો ઉનાળો વધુ આકરો બન્યો છે. આજે પણ ગઈકાલની જેમ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી સ્થિર રહ્યુ હતુ. અલબત્ત ગરમીનુ પ્રમાણ અંશત : ૦.૪ ડીગ્રી ઘટયુ હતુ. આકરી ગરમીથી ત્રસ્ત શહેરીજનો હવે ગરમીના દિવસો પુરા થાય અને વરસાદની વાટે છે.

શહેરમાં આજે સતત બીજા દિવસે પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ રહેતા નગરજનોએ આકરી ગરમી સહન કરવી પડી હતી. ગરમીની અસરથી જનજીવન અને જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. મહત્તમ તાપમાન ગઈકાલે ૪૪.૪ ડીગ્રી પહોંચી જતા ગાંધીનગરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે રાજયમાં ગરમીની દ્રષ્ટીએ શહેર બીજા ક્રમે રહ્યુ હતુ. વધતી ગરમીની સાથે લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. લઘુત્તમ તાપમાન ગઈકાલની જેમ આજે પણ ૨૯.૫ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૪ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. મેં મહીનામાં મહત્તમ દિવસ ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રી આસાપાસ જ રહ્યો છે. જેના લીધે સતત ગરમીના પ્રકોપ વચ્ચે નગરનુ જનજીવન વિશેષ રીતે પ્રભાવિત જોવા મળી રહ્યુ છે. દિવસે અંગારા વરસાવતા તાપ વચ્ચે નગરજનો બહાર જવાનુ મુનાસીબ માનતા નથી. જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. અબોલ પશુ પંખીઓમાં પણ ગરમીથી બચવા માટે હરિયાળા વૃક્ષોમાં આશરો લેતા નજરે પડે છે. વળતા ઉનાળે ગરમીએ હદ વટાવી રેકર્ડ બ્રેક તાપમાન પર પહોંચી જતા શહેરીજનો ગરમીથી બેચેન છે. સવારથી જ આકરા તાપ વચ્ચે બહાર નિકળવાનુ મુશ્કેલ માલુમ થાય છે. જયારે બપોર થતા ઘરની બહાર નિકળાતુ નથી. જયારે મોડી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમીની અસર વર્તાય છે. મોડી રાત્રિના ઠંડક અનુભવાતા શહેરીજનો દિવસની ગરમીથી કંટાળી મોડીરાત સુધી બહાર ટહેલતા નજરે પડે છે.

હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ

અમે લોકશાહી માટે મજબુત વિપક્ષની જરૂરિયાત હોય તે ચોક્કસપણે માનીએ છીએ, હવે અમે અમારા માર્ગદર્શન નીચે એક મજબુત વિપક્ષની રચના કરવા જઈ રહ્યા છીએ...!!

એરપોર્ટ પર ૧.૨૫ કરોડના સોના સાથે ૩ શખ્સ ઝડપાયા

બુટમાં અને જીન્સમાં નેફામાં ગુપ્ત ખાંચા છુપાવાયું : આરોપી સોનુ કોના માટે લાવ્યા હતા અને ક્યાં ડિલીવરી કરવાના હતા તે સહિતના મુદ્દાઓની ઉંડી તપાસ શરૂ થઇ

ગાંધીનગર, તા.૩૦

અમદાવાદ ઈન્ટરનેશલ એરપોર્ટ પરથી ગુજરાત એટીએસની ટીમે રૂ.૧.૨૫ કરોડના સોના સાથે મુંબઈના ત્રણ શખ્સને ઝડપી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી અને સોનાની દાણચોરી અને હેરફેરના નેટવર્ક મામલે હવે ઝીણવટભરી તપાસ આરંભી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, એટીએસના અધિકારીઓને બાતમી મળી કે, દુબઈથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ ૭૨માં મુંબઈના ત્રણ શખ્સ સોનુ લઈને અમદાવાદ ઉતરવાના છે. જેના આધારે ગત મોડી રાતે એરપોર્ટ પર ટીમે કસ્ટમ અધિકારીઓ સાથે વોચ ગોઠવી દીધી હતી. દરમ્યાન ફ્લાઈટમાં ત્રણ શખ્સો મહંમદ સરક્યુ મીનાઈ, યુસુફ અંસારી અને જુલ્ફીકાર અલી લોખંડવાલા ઉતરતાં પોલીસે તેમને શંકાના આધારે પ્રાથમિક પૂછપરછ કરી જડતી લીધી હતી. જે દરમ્યાન આરોપીઓના બુટમાં અને જીન્સમાં નેફામાં ગુપ્ત ખાંચા બનાવી તેમાં સંતાડેલા રૂ.દોઢ કરોડની કિંમતનું સોનુ જપ્ત કર્યું હતું. આરોપીઓ આ સોનુ દુબઈથી લાવ્યા હતા. આરોપીઓ સોનુ અમદાવાદ આપવાના હતા કે મુંબઈ તે અંગે કસ્ટમ વિભાગે તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓ વિરૂધ્ધ જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે એ દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે કે, આ શખ્સો કેરિયર તરીકે કામ કરતા હતા કે, સોનાની દાણચોરીના નેટવર્કના એજન્ટ છે કે કેમ તે સહિતના સવાલોના જવાબ મેળવવાની દિશામાં હવે તપાસ આરંભાઈ છે.

ટાટા પાવર ગુજરાતમાં ૧૦૦ મેગાવોટનો પ્રોજેક્ટ બનાવશે

પ્લાન્ટમાં દર વર્ષે ૨૫૦ મેગાયુનિટ ઊર્જાનું ઉત્પાદન કરશે

ગાંધીનગર, તા.૩૦

ભારતની સૌથી મોટી સંપૂર્ણ વીજ કંપની ટાટા પાવર દ્વારા બહુ મહત્વની જાહેરાત કરાઈ છે કે, કે કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડ (ટીપીઆરઈએલ)ને તા.૨૮ મે,૨૦૧૯નાં રોજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) પાસેથી ગુજરાતનાં રાઘાનેસડામાં ૧૦૦ મેગાવોટનો સોલર પ્રોજેક્ટ વિકસાવવા માટે લેટર ઓફ એવોર્ડ (એલઓએ) મળ્યો છે. જેથી હવે ટાટા પાવર ગુજરાતમાં ૧૦૦ મેગાવોટનો સોલર પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. આ માટે ટીપીઆરઈએલ અને જીયુવીએનએલ એ બંને કંપનીઓ વચ્ચે વાણિજ્યિક કામગીરી શરૂ થવાની તારીખથી ૨૫ વર્ષનાં ગાળા માટે વીજ ખરીદી સમજૂતી(પીપીએ) થયા છે, જે અંતર્ગત ઊર્જા જીયુવીએનએલને પૂરી પાડવામાં આવશે. જીવીયુએનએલએ માર્ચ, ૨૦૧૯માં બીડની જાહેરાત કરી હતી, જેમાં કંપનીએ આ ક્ષમતાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. પ્રોજેક્ટ પીપીએનો અમલ થયાની તારીખથી ૧૫ મહિનાની અંદર કાર્યરત થશે. આ અંગે ટાટા પાવરનાં સીઈઓ પ્રવીર સિંહાએ જણાવ્યું હતું કે, અમને એ જાહેરાત કરતાં ગર્વ થાય છે કે અમે ગુજરાતમાં ૧૦૦ મેગાવોટનો સોલર પ્રોજેક્ટ મળ્યો છે અને આ માટે અમે ગુજરાત સરકાર તથા જીયુવીએનએલનાં અધિકારીઓનાં આભારી છીએ. અમને સોલર પાવર જનરેશન દ્વારા સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ ઊર્જા તરફ આપણાં દેશની કટિબદ્ધતા પૂર્ણ કરવામાં પ્રદાન કરવાની ખુશી છે. દરમ્યાન ટાટા પાવરનાં રિન્યૂએબલ્સનાં પ્રેસિડન્ટ શ્રી આશિષ ખન્નાએ જણાવ્યું હતું કે, આ કોન્ટ્રાક્ટની સાથે અમે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ, એન્જિનીયરિંગ અને અમલીકરણ ક્ષમતાઓ તેમજ નવીનીકરણ ઊર્જા તરફ અમારી ઊંચી કટિબદ્ધતા પ્રદર્શિત કરવાનું જાળવી રાખ્યું છે. ટાટા પાવરની કુલ ઊર્જા ક્ષમતામાં સ્વચ્છ ઊર્જાનાં સ્ત્રોતોમાંથી ૩૫થી ૪૦ ટકા ઊર્જાનું ઉત્પાદન કરવાનાં અમારાં પ્રયાસમાં આ મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

અમને અમારી ક્ષમતા સતત ઊભી કરવાની, અપેક્ષાઓ પર ખરાં ઉતરવાની અને ઊંચા ધારાધોરણો સ્થાપિત કરવાની આશા છે. આ કોન્ટ્રાક્ટ સાથે ટીપીઆરઈએલની અમલીકરણ અંતર્ગત ક્ષમતા ૫૦૦ મેગાવોટ થશે, જે કાર્યકારી ક્ષમતા ૨,૨૬૮ મેગાવોટ ઉપરાંત છે. પ્લાન્ટ દર વર્ષે ૨૫૦ મેગાયુનિટ ઊર્જાનું ઉત્પાદન કરશે એવી અપેક્ષા છે અને વર્ષે ૨૫૦ મિલિયન કિલોગ્રામ કાર્બન ડાયોકસાઈડ (સીઓટુ) ઓફસેટ કરશે.

એટ્રોસિટી એક્ટની ફરિયાદ રદ કરતો મહત્વપૂર્ણ ચુકાદો

કામદારોને પગાર ન ચૂકવ્યાની તકરારમાં ફરિયાદ : સિવિલ કેસ હોવા છતા ક્રિમિનલ કેસ તરીકે નોંધાયો હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે : હાઇકોર્ટ દ્વારા અપાયેલું તારણ

ગાંધીનગર,તા. ૩૦

દાહોદ નગરપાલિકાના ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના ટેન્ડર અંગે કોન્ટ્રાક્ટર શ્રી સુનીલ શાંતિલાલ શાહ વિરુદ્ધ ફરીયાદી કનુભાઈ ભાયજીભાઈ સોલંકીએ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૪૦૬, ૪૨૦ અને શીડ્યુલ કાસ્ટ એન્ડ ટ્રાઈબ્સ(પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એકટ-૧૯૯૯ ની કલમ-૩ હેઠળ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અમુક કામદારોને પગાર ન ચુકવ્યાનો આરોપ હેઠળ એફ.આઈ.આર નોંધાઈ હતી. આ ફરિયાદ વિરુદ્ધ શાંતિલાલ શાહ તેમના એડવોકેટ નિમિષ એમ. કાપડિયા અને નિસર્ગ એમ. શાહ મારફત હાઈકોર્ટમા ફોજદારી પરચૂરણ અરજી નં-૨૪૧૩૦/૨૦૧૮ કવોશિગ પીટીશન દાખલ કરી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે નગરપાલિકાના ચીફ ઓફિસરને જોડવાનો હુકમ કર્યો હતો. તમામ પક્ષકારોની સુનાવણીના અંતે હાઈકોર્ટે એટ્રોસીટી એકટ હેઠળ નોંધાયેલી ફરિયાદ રદ કરતો મહત્વનો ચુકાદો જારી કર્યો હતો. અરજદાર તરફથી એડવોકેટ નિમિષ એમ.કાપડિયાએ મહત્વની રજુઆત કરતાં જણાવ્યું હતું કે, કેસ દીવાની પ્રકારનો છે અને પોલીસ મશીનરીનો દૂરઉપયોગ કરી કોન્ટ્રાક્ટર શ્રી સુનિલ શાંતિલાલ શાહની ખોટી રીતે સંડોવણી કરવામાં આવી છે. એફ.આઈ.આર જોતા કોઈપણ આક્ષેપ એટ્રોસીટી એકટ હેઠળનો નથી. આખી ફરિયાદમા ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો બનાવતો કોઈ પણ મુદ્દો ઉપસ્થિત થતો નથી. તેથી જો મિનિમમ વેજ (લઘુત્તમ વેતન) ન અપાયુ હોય તો ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો નોંધાય નહી. આ પિટિશનમાં શાંતિ કોર્પોરેશન ના બેંક સ્ટેટમેન્ટ રજુ કરવામાં આવ્યા હતા. જેમાં ઠેકેદારોને મોટી રકમ ચૂકવવામાં આવેલ છે તે સ્પષ્ટ રીતે છલકાતું હતું. ફરિયાદી તે બની બેઠેલો સુપરવાઈઝર છે, તેની નિમણૂક શાંતિ કોર્પોરેશન દ્વારા કરવામાં નથી આવી. આ સમસ્યાનો મૂળ મુદ્દો હિસાબોને લગતો હતો. ઉપરાંત દાહોદ મ્યુનિસિપાલિટીએ શાંતિ કોર્પોરેશનને અમુક રકમ ચૂકવવાની બાકી છે. આ બધા મુદ્દાઓ ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સોનિયાબેન ગોકાણીએ ઠરાવ્યું હતુ કે, આ આખો વિવાદ દીવાની પ્રકારનો છે અને તેથી તે રદ થવા પાત્ર છે. હાઈકોર્ટ ખાસ નોંધ્યુ હતું કે, આ સિવિલ કેસ હોવા છતા ક્રીમીનલ કેસ તરીકે નોંધાયો હોય તેવા ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. હાઈકોર્ટેએ વધુમાં એમ પણ જણાવ્યું કે, મજૂરોનો હકક ડૂબવો ન જોઈએ. તેથી બધી પાર્ટીઓ જોડે બેસી આ વિવાદનો હલ કાઢે અને જો વિવાદનો સુખદ નિવેડો ન આવે તો દીવાની અથવા લેબર કોર્ટ રાહે દાદ માંગી શકે તેમ પણ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું. આમ, હાઈકોર્ટે એટ્રોસીટી એકટ હેઠળની ફરિયાદ રદ કરતો મહત્વનો ચુકાદો જારી કર્યો હતો.

અમદાવાદમાં રખડતા ઢોર ન પકડવા માટે લાંચ માગતા સેનેટરી સબ ઈન્સ્પેક્ટર રંગેહાથ ઝડપાયા

અમદાવાદ એસીબીએ સ્લોટર હાઉસના સેનેટર સબ ઈન્સ્પેક્ટર અને મજૂરને ૩૦૦૦ની લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. ગાયોને નહીં પકડવા અને કાયદેસરની કાર્યવાહી ન કરવા માટે જમાલપુરના સ્લોટર હાઉસના ફરજ બજાવતા સેનેટરી સબ ઈન્સ્પેક્ટર અમરત પટેલે ફરિયાદી પાસે ૩૫૦૦૦ની માંગણી કરી હતી. જેમાં ફરિયાદીએ પહેલા ૨૫૦૦૦, અને બાદમાં ૭૦૦૦ હજાર આપ્યા હતા. બાકી ૩૦૦૦ની માંગણી કરતા ફરિયાદીએ એસીબીને ફરિયાદ કરી હતી. ત્યારબાદ એસીબીએ આજે સુભાષબ્રિજ ઈર્મે ક્વાર્ટસના ગેટ પાસે છટકું ગોઠવીને અમરત પટેલ અને રોજમદાર મજૂરને ઝડપી પાડ્યા હતા

અમદાવાદમાં સતત ચોથા દિવસે ફાયર સેફટી અને ડિમોલીશન મુદ્દે કાર્યવાહી

અમદાવાદ, તા.૩૦

સુરતમાં આગની ઘટના બાદ શહેરમાં અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા ફાયર સેફ્ટી અને ગેરકાયદેસર બાંધકામ મામલે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમ્યુકોની ટીમ દ્વારા સતત ૪થા દિવસે શહેરમાં આવેલી સ્કૂલો, હોસ્પિટલ ટ્યૂશન ક્લાસિસ, હોટલ્સ અને રેસ્ટોરેન્ટમાં બનાવેલા ગેરકાયદેસર બાંધકામ અને શેડને દૂર કરવાનું કામ શરૂ કરાયું છે.

આજે સવારથી જોધપુરની એ-વન હાઈસ્કૂલ, વેજલપુરની હોટલ શ્રીમદ્ તેમ જ રિલીફરોડની હોટલ મેહુલ, સાલ હોસ્પિટલ ખાતે ટેરેસ પરના શેડ્સ અને ગેરકાયદે સ્ટ્રકચરને દૂર કરી ડિમોલિશની ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. અમ્યુકો તંત્ર દ્વારા આજે ઉત્તર પશ્ચિમ ઝોનના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ત્રિપદા સ્કૂલ તેમ જ ટીવી ટાવર ચાર રસ્તા પર આવેલી સાલ હોસ્પિટલના ટેરેસ પરના ગેરકાયદે શેડ્સ અને સ્ટ્રકચરને તોડી દૂર કરવામાં આવ્યા હતા. જેને લઈ સ્થાનિકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ જ પ્રકારે અમ્યુકોની દક્ષિણ પશ્ચિમ ઝોનની એસ્ટેટ વિભાગની ટીમ

દ્વારા જોધપુરની એ-વન હાઈસ્કૂલ, વેજલપુરની હોટલ શ્રીમદ્ તેમ જ જોધપુરના ઝાલોપિયા બિલ્ડીંગના ટેરેસ પરના ગેરકાયદે શેડ અને સ્ટ્રકચર હટાવવામાં આવ્યા હતા. જયારે મધ્ય ઝોનમાં કાલુપુરના વીજળીઘર પાસેની મેહુલ હોટલ, હોટલ ગુડનાઈટ, ઘંટાકર્ણ મહાવીર મોલ પાસેની હોટલ દેવ પેલેસના ટેરેસ પરના ગેરકાયદે શેડ અને સ્ટ્રકચર સહિતના ગેરકાયદે બાંધકામ તોડી નાંખવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી. તો શહેરના પૂર્વ ઝોનમાં ઓઢવની વિદ્યાનગર સ્કૂલ, અમરાઈવાડીની ગીતા સ્કૂલ, નિકોલની સેન્ટઝેવિયર્સ સ્કૂલ અને ખુશી આર્કેડ તેમ જ ગોમતીપુરમાં આવેલા ગણેશ પ્લાઝાના ટેરેસ પરના ગેરકાયદે શેડ્સ અને બાંધકામને દૂર કરવાની ડિમોલીશનની ઝુંબેશ હાથ ધરાઈ હતી.

જયારે શહેરના પશ્ચિમ ઝોનમાં સીજી રોડ પરના નેશનલ પ્લાઝા ખાતે પણ આ પ્રકારની ડિમોલીશન કાર્યવાહી હાથ ધરાઈ હતી. શહેરમાં રાફડાની જેમ ફાટી નીકળેલી અનેક સ્કૂલો લાખો રૂપિયાની ફી ઉઘરાવતી હોય છે. પરંતુ વિદ્યાર્થીઓની સુરક્ષા મામલે બેદરકારી દાખવતી હોય છે. મ્યુનિ. કોર્પોરેશનના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મહેરબાનીથી સ્કૂલો રેસ્ટોરેન્ટો અને હોટલો ગેરકાયદેસર બાંધકામો કરી દેતી હોય છે અને જ્યારે ગંભીર દુર્ઘટના બને ત્યારે આવા ગેરકાયદેસર બાંધકામો સામે ઝુંબેશ શરૂ કરી બાંધકામો દૂર કરાય છે પરંતુ પહેલેથી જ તંત્ર સજાગ અને સાવધાન રહેતું હોય તો, આવી ઘટનાઓ નિવારી શકાય. આગામી દિવસોમાં પણ અમ્યુકો તંત્રની ફાયરસેફ્ટી અને ડિમોલીશનની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે એમ અમ્યુકો અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું.

અજાણ્યા ઈસમોએ પતિની હત્યા કરતા ચકચાર મચી, પત્ની ઈજાગ્રસ્ત

પાલનપુર,તા.૩૦

બનાસકાંઠાના દિયોદરના એક ગામમાં ખેતરમાંથી પુરુષની શંકાસ્પદ હાલતમાં લાશ મળી હતી. સાથે સાથે મૃતકની પત્નીને પણ ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ગામના માથાભારે શખ્સોએ હત્યા કરી હોવાનો આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. હત્યારાઓ નહીં પકડા ત્યાં સુધી લાશને સ્વીકારવામાં નહીં આવે એવી પરિવારજનોએ ચિમકી ઉચ્ચારી છે. સાથે સાથે હોસ્પિટલમાં મૃતકના પરિવારજનોએ હંગામો કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

મળતી માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના પાલડી ગામમાં ખેતરમાંથી શિવાભાઈ મોદીની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. સાથે સાથે શિવાભાઈ મોદીની પત્ની પણ ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ગામના જ માથાભારે શખ્સોએ શિવાભાઈ મોદીની હત્યા કરી અને પત્નીને ઈજાગ્રસ્ત કરી હોવાનો આરોપ પરિવારજનો લગાવી રહ્યા છે.

વર્લ્ડ કપ દરમિયાન ગુજરાતમાં હજારો કરોડનો સટ્ટો રમાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૩૦

આજથી ક્રિકેટના મહાકુંભ એટલે કે વર્લ્ડકપની શરૂઆત થઈ ગઈ છે ત્યારે બુકીઓ અને સટ્ટોડિયાઓ માટે સૌથી મોટી સીઝન આવી ગઈ છે. ખાસ કરીને દેશ અને દુનિયામાં સમગ્ર વર્લ્ડકપ દરમ્યાન કરોડો-અબજો રૂપિયાની ઉથલપાથલ થઈ જશે. જો ગુજરાતની વાત કરીએ તો, ખાલી ગુજરાતમાં જ વર્લ્ડકપમાં એક

હજાર કરોડ રૂપિયાથી વધુનો સટ્ટો ખેલાવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.

જો કે આ વખતના વર્લ્ડકપમાં બુકીઓના મતે વર્લ્ડકપ માટે મેજબાન ઈંગ્લેન્ડ હોટ ફેવરીટ છે. તો બીજા નંબરે ઓસ્ટ્રેલિયા અને ત્રીજા નંબરે ભારત ફેવરીટ ગણાઈ રહ્યું છે. જો કે, અમુક બુકીઓ ઈન્ડિયન ક્રિકેટ ટીમના રોહિત શર્મા, કોહલી, હાર્દિક પંડયા, ધોની, ભુવનેશ્વર કુમાર(ભુવી) અને જસપ્રીત બુમરાહ જેવા ખેલાડીઓ અને તેમના ફોર્મને લઈ ભારતને પણ વર્લ્ડકપ માટે હોટ ફેવરીટ ગણાવી રહ્યા છે. વર્લ્ડકપને લઈ આજથી ગુજરાત સહિત દેશભરનું સટ્ટાબજાર જોરદાર ધમધમતુ થઈ ગયું છે અને ખેલાડીઓના ફોર્મ, રન, ટીમની જીત સહિતની બાબતોને લઈ સટ્ટો ખેલાવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સટ્ટાબજારમાં કે જાણ ગરમાવો આવી ગયો છે. જો કે, આજના મોબાઈલ-ટેબ્લેટના આધુનિક જમાનામાં આજકાલ સટ્ટો રમવો આસાન થઈ ગયું છે. મોબાઈલમાં એક માત્ર એપ્લિકેશનથી જ સટ્ટો રમી શકાય છે.

ઓનલાઈન વેબસાઈટમાં લોગીન આઈડીથી સટ્ટો રમવામાં આવે છે. વર્લ્ડકપ સટ્ટોડિયા જ નહીં પણ પોલીસ માટે પણ સીઝન કહેવામાં આવે છે. પોલીસ નાના બુકીઓને ઝડપે છે. આગળ જ્યાં બુકી સટ્ટો કપાવતો હોય છે ત્યાં સુધીમાં તો પોલીસ માટે ઓફરો ચાલુ થઈ જાય છે. આઈપીએલ દરમિયાન અમદાવાદ પોલીસ સહિત સમગ્ર રાજ્યમાં પોલીસે સટ્ટો રમતા લોકો અને બુકીઓને ઝડપ્યા હતા. પરંતુ આજ સુધી કોઈ એવા મોટા બુકીને ગુજરાત પોલીસ ઝડપી શકી નથી શકી. આઈપીએલ રમનારા જુના બુકીઓ જ હવે ફરી સક્રિય બન્યા છે.

આવતી કાલે કોંગ્રેસની સંયુક્ત બેઠક

વિધાનસભાનામાં સરકારને કેવી રીતે ઘેરવી તે અંગે ચર્ચા

ગાંધીનગર,તા.૩૦

મોદી સરકારની બીજી વખતની શપથવિધીની પૂર્વ સંધ્યાએ ગુજરાત કોંગ્રેસની સંકલન સમીતીની બેઠક મળી હતી. આ બેઠકમાં કોંગ્રેસની લોકસભામાં થયેલી હાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ વિસ્તૃત ચર્ચા માટે ધારાસભ્યો અને પ્રદેશના હોદ્દેદારોની સંયુક્ત બેઠક બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તો સાથોસાથ આગામી દિવસોમાં મળનારા વિધાનસભાના સત્રમાં સરકારને કેવી રીતે ઘેરવી તે અંગેની ચર્ચા પણ સંગઠન અને ચૂંટાયેલી પાંખ સાથે મળીને કરે તે નક્કી કરાતા આ સંયુક્ત બેઠક ૧લી જૂનના રોજ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તો બીજો ઠરાવ સુરતમાં બનેલી કરૂણાંતિકામાં મૃત્યુ પામેલા લોકોને શ્રધ્ધાંજલી આપતો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. લોકસભા-૨૦૧૯ની ચૂંટણીમાં ગુજરાતમાં થયેલા રકાસ અંગેના કારણોની ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ વિસ્તૃત ચર્ચા માટે સંગઠન અને ચૂંટાયેલી પાંખની સંયુક્ત બેઠક બોલાવવાનું નક્કી થતા ૧લી જૂને આ બેઠક બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સંયુક્ત બેઠકની અંદર આગામી દિવસોમાં ગુજરાત વિધાનસભાના મળનારા બજેટસત્રમાં સરકારને ઘેરવાના મૂદ્દાઓ અંગે પણ ચર્ચા કરવાનું કોંગ્રેસની સંકલન સમીતી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. જેથી ધારાસભ્યો જે મૂદ્દે સરકારને ગૃહમા ઘેરે તે જ મુદ્દે સંગઠન સરકારને ગૃહની બાર ઘેરી શકે અને આ રીતે જ આગામી દિવોસમાં લોકોને સાથે રાખીને સરકારની નબળાઈ ઉજાગર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.